

## ડૉ. બાબાસાહેબ આંબેડકરે લખ્યું છે કે...

# દલિતોને હિન્દુ સમાજમાંથી બાકાત કરવાની માંગ મુસ્લિમોએ કરી હતી

**છણાવટ**



સુરેશભાઈ ગાંધી - 9824066333

### ડૉ. બાબાસાહેબ આંબેડકરે લખ્યું છે કે...

# દલિતોને હિન્દુ સમાજમાંથી બાકાત કરવાની માંગ મુસ્લિમોએ કરી હતી



સન ૧૮૭૦થી બ્રિટિશ શાસને દર ૧૦ વર્ષે વસતી ગણતરી કરી તેનો અહેવાલ પ્રસિદ્ધ કરવાની શરૂઆત કરી. આ વસતી ગણતરીમાંથી નાગરિક કયો ધર્મ પાળે છે કે કયા સમાજનો છે તેની જાણકારી મળતી હતી. સન ૧૯૧૦માં પહેલી જ વખત વસતી ગણતરીના કમિશ્નરે ધર્મ અનુસાર વસતી જાણવા માટે એક કોલમ રાખ્યું હતું. આલેખમાં (૧) મુસ્લિમ (૨) હિન્દુ તથા (૩) ખ્રિસ્તી વગેરેની જનસંખ્યાનો ઉલ્લેખ છે. સન ૧૯૧૦ની વસતી ગણતરીમાં અહેવાલમાં ચીલાચાલુ પરંપરા છોડીને એક તદ્દન નવીન વિગત અપનાવવામાં આવી હતી. પહેલીવાર જ હિન્દુઓને ભિન્ન વર્ગોમાં વિભાજીત કર્યાં હતા - ૧. હિન્દુ, ૨. પ્રકૃતિપૂજક આદિવાસી અને ૩. અછૂત. આમ, તે સમયથી જ હિન્દુઓનું આ નવીન વર્ગીકરણ ચાલુ થયું. આમ હિન્દુ સમાજની કાપકૂપ કરી તેને નાનો કરી દેવાનો દુષ્પ્રયાસ ૧૯૧૦થી શરૂ થયો.

આપણને પ્રશ્ન થાય છે આવું શા માટે કરવામાં આવ્યું? આમ કરવા પાછળ કોનો ઈરાદો કામ કરતો હતો? હિન્દુ સમાજને વિભાજીત કરવા પાછળ કઈ શક્તિઓ કામ કરતી હતી ?

ઉપરના તમામ પ્રશ્નોના જવાબ ડૉ. બાબાસાહેબ આંબેડકરે 'સંપૂર્ણ અક્ષરદેહ' ગ્રંથ-૧૪ (પ્રકાશક : ડૉ. આંબેડકર ફાઉન્ડેશન, કલ્યાણ મંત્રાલય, ન્યુ દિલ્હી)માં આપ્યો છે.

ડૉ. આંબેડકરે આ ગ્રંથના પ્રકરણ-૯માં ઉપરની વાતનો પર્દાફાશ કરતાં જણાવ્યું છે કે હિન્દુઓનું આ પ્રકારે વિભાજન કરી હિન્દુ સમાજને મુસ્લિમ સમાજ કરતાં નાનો બતાવવાના આ પ્રયત્ન પાછળ મુસ્લિમ ધર્મગુરુ શ્રી આગાખાન હતા. તેની સ્પષ્ટતા કરતાં બાબાસાહેબ લખે છે કે સન ૧૯૦૯માં મુસ્લિમ ધર્મગુરુ આગાખાનના નેતૃત્વ હેઠળ મુસલમાનોનું એક પ્રતિનિધિ મંડળ આવેદનપત્ર લઈ તે વખતના ગવર્નર જનરલ લૉર્ડ મિન્ટોને મળ્યું હતું. આ આવેદનપત્રમાં તેમણે મુસલમાનો માટે ધારાસભા, કાર્યકારિણી અને સરકારી નોકરીઓમાં પૂરતું પ્રતિનિધિત્વ મળે તે માટે માંગ કરી હતી, પરંતુ આ આવેદનપત્રમાં મુસ્લિમોએ જે તર્ક દર્શાવ્યો હતો તે અત્યંત ઘાતક અને ચોંકાવનારો હતો.

ડૉ. આંબેડકરે પોતાના લેખમાં શ્રી આગાખાને આપેલા આવેદનપત્રના શબ્દો જ ટાંક્યા છે જે નીચે મુજબ છે.

આવેદનપત્રમાં મુસ્લિમ આગેવાનોએ લખ્યું છે કે, **"૧૯૦૧માં વસતી ગણતરી કરવામાં આવી તેના અનુસાર ભારતના મુસ્લિમોની સંખ્યા ૬ કરોડ ૨૦ લાખ ઉપરની બતાવી છે. અર્થાત્ નામદાર સરકારની ભારતીય પ્રજાના ચોથા કે પાંચમા ભાગ જેટલી લગભગ મુસલમાનોની વસતી છે. જો પ્રકૃતિપૂજકો અને બીજા નાના મોટા ધર્માવલંબીઓની કૉલમમાં આવનારી અસંસ્કૃત જાતિઓ જે વાસ્તવમાં હિન્દુ નહીં હોવા છતાં જેને હિન્દુ ગણવામાં આવે છે એને બાકાત કરવામાં આવે તો હિન્દુઓની સંખ્યાની તુલનામાં મુસલમાનોનું પ્રમાણ વધી જાય છે. એટલે અમો (મુસ્લિમો) વિનંતી કરીએ છીએ કે અને ઉચિત માનીએ છીએ કે; પ્રતિનિધિત્વ અંગે કોઈ પણ પ્રકારની વિસ્તૃત કે સંકુચિત પદ્ધતિમાં એક એવી જનસંખ્યા જે રશિયાને બાદ કરતાં પ્રથમ દરજ્જાની યુરોપીય શક્તિઓની જનસંખ્યાથી વિશેષ છે, એટલે ઉચિત રીતે માગણી કરે છે કે; એને રાજ્યમાં મહત્ત્વપૂર્ણ સ્થાન મળવું જોઈએ."**

બાબાસાહેબ ઉપરની વાતને વધુ સ્પષ્ટ કરવા પોતાના આ લેખમાં આગળ લખે છે કે, **"જે શબ્દોની નીચે લીટી દોરવામાં આવી છે એનો વિશેષ અર્થ છે. આ શબ્દો આવેદનપત્રમાં એવું સૂચિત કરવા માટે જ અંકાયા હતા કે હિન્દુઓની સાથે મુસલમાનોની તુલના કરવામાં આવે અને હિન્દુઓની જનસંખ્યામાં પ્રકૃતિપૂજક આદિવાસીઓ અને અસ્પૃશ્ય જાતિઓની જનસંખ્યાને સામેલ કરવામાં ન આવે."**

શ્રી આગાખાનના આવેદનપત્રની માગણી માન્ય રાખીને હિન્દુઓમાંથી આદિવાસી અને દલિતોને અલગ બતાવવાના ખાના બ્રિટિશરોએ શરૂ કર્યાં.

બાબાસાહેબને પ્રવર્તમાન હિન્દુ સમાજ માટે ભારોભાર આક્રોશ હતો અને આ આક્રોશ સાચો પણ હતો, તેમ છતાં હિન્દુ સમાજ માટે તેમના મનમાં કેટલી ચિંતા હતી, તે વાત તેમણે લખેલ આ પ્રકરણમાં વ્યક્ત થાય છે.